




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૫ | ૩ સપ્ટેમ્બર, ૨૦૧૮, સોમવાર; શ્રાવણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### કન્હૈયા કુમાર બેગુસરાય લોકસભાની ચૂંટણી લડશે!!

દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પૂર્વ અધ્યક્ષ કન્હૈયા કુમાર હવે રાષ્ટ્રીય રાજકારણમાં હાથ અજમાવી રહ્યાં છે. મળતી માહિતી પ્રમાણે ૨૦૧૯મા લોકસભા ચૂંટણી લડશે. કન્હૈયા કુમાર બિહારની બેગુસરાય લોકસભા સીટ પરથી સીપીઆઈની ટિકિટ પર ચૂંટણી લડશે. કન્હૈયાને બેગુસરાયથી લડવાને લઈ તમામ વામપંથ પાર્ટી એકમત છે. બિહારના સીપીઆઈ મહાસચિવ સત્યનારાયણ સિંહે આ વાત જાહેર કરી હતી.

### ઈવીએમની સુરક્ષા ખાનગી સુરક્ષા ગાર્ડને સોંપાશે નહીં

ચૂંટણી પંચે આ વર્ષના અંતમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી અને આગામી વર્ષે લોકસભાની ચૂંટણીને લઈને ચૂંટણી પ્રક્રિયાને વ્યવસ્થિત કરવાની કામગીરી શરૂ કરી દીધી છે. ચૂંટણી પંચે વિધાનસભા અથવા તો લોકસભાની ચૂંટણીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવા સુધી ઈવીએમ અને વીવીપેટ મશીનોના સ્થળોની સુરક્ષામાં માત્ર સશસ્ત્ર પોલીસ દળોની ગોઠવણીની સુચના આપી છે. પંચે તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને સૂચના આપીને કહ્યું છે કે, જ્યાં ઈવીએમ અને વીવીપેટ મશીનો રાખવામાં આવ્યા છે તે કેન્દ્રો ઉપર સુરક્ષા વ્યવસ્થા કોઈપણ ખાનગી સુરક્ષા એજન્સીઓના ગાર્ડને સોંપવામાં ન આવે તે જરૂરી છે.

# ઉત્તરપ્રદેશ પ્રચંડ પૂરથી પરેશાન

## ઉત્તરપ્રદેશના ગોંડા, બારાબંકી, સીતાપુર, સુલ્તાનપુર, ફૈઝાબાદ અને અયોધ્યા સહિત અનેક જિલ્લાઓમાં પૂરના કારણે ભારે તબાહી : જનજીવન ખોરવાયું



લખનૌ, તા. ૨

ઉત્તરપ્રદેશના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કેટલાક જિલ્લાઓમાં પુરનો ખતરો તોળાઈ રહ્યો છે. કેરળ બાદ હવે ઉત્તરપ્રદેશમાં હાલત કફોડી બનેલી છે. ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદની સાથે સાથે ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે. મોનસુનના પરિણામ સ્વરુપે દેશના કેટલાક ભાગોમાં પુર જેવી સ્થિતિ સર્જાયેલી છે. ઉત્તરપ્રદેશમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદ અને વિજળી પડવા સંબંધિત ઘટનાઓમાં ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ગયા છે. શનિવારે મોડી રાત્રે સરદ તાલુકા ક્ષેત્રમાં શમશેદપુર ગામમાં વિજળી પડતા પાંચના ઘટના સ્થળે જ મોત થયા હતા જ્યારે અન્ય બે ઘાયલ થયા હતા. બીજી બાજુ નબીપુર ગામમાં વિજળી પડતા એક બાળકીનું મોત થયું હતું. આ ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા હતા. ઉત્તરપ્રદેશમાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. વરસાદના પરિણામ સ્વરુપે અનેક જિલ્લાઓમાં કાચા મકાનો ધરાશાયી થઈ ગયા છે. ગુરુવારથી સતત ધોધમાર વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે મોટાભાગની નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. પુરના કારણે કેટલાક જિલ્લામાં હાલત કફોડી બનેલી છે.

ગામોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળો ઉપર જતાં રહેવાની ફરજ પડી છે. હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું છે કે, હજુ ભારે વરસાદ ઈ શકે છે. ઉન્નાવ નદીમાં ગંગા નદી ખતરાના સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. સદર કોતવાલી વિસ્તારમાં ગંગાઘાટ વિસ્તારમાં ઈન્દિરાનગર, રવિદાસ નગર, ચંપાપૂર્વા, કરબલા અને આસપાસના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. આ તમામ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી બચાવ કામગીરી માટે નૌકાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સદર તાલુકાના મજરામાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કેટલાક વિસ્તારો સંપર્કવિહોણા પણ થઈ ગયા છે. બારાબંકી જિલ્લામાં પુર પ્રભાવિત વિસ્તારોમાં હાલત કફોડી બનેલી છે.

# ટ્રમ્પે રોકી પાકિસ્તાનની ૨૧૦૦ કરોડની સહાય

## પાકિસ્તાન આતંકવાદીઓને પ્રોત્સાહન આપે છે તેથી મદદ નહીં મળે : ટ્રમ્પ



વૉશિંગ્ટન,તા.૨

પાકિસ્તાનમાં બનેલી ઈમરાન ખાનની નવી સરકારને પહેલો તગડો ઝાકટો લાગ્યો છે. અમેરિકન મિલિટરીએ પાકિસ્તાનને આપેલ ૩૦ કરોડ ડોલર (૨૧૩૦ કરોડ રૂપિયાથી વધુ)ની મદદ રદ કરી દીધી છે. આપને જણાવી દઈએ કે આતંકીઓની વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેતા ઈસ્લામાબાદને અત્યાર સુધી આ મદદ રોકી રાખવામાં આવી હતી. અમેરિકાની સાથે પાકિસ્તાનના સંબંધ પહેલેથી જ તણાવપૂર્ણ ચાલી રહ્યાં છે, હવે આ નિર્ણય બાદ દ્વિપક્ષીય સંબંધ વધુ નબળા થઈ શકે છે.

કોલિશન સપોર્ટ ફંડ્સના નામથી અપાતી મદદ એ મોટી રકમનો હિસ્સો હતો જેના પર આ વર્ષની શરૂઆતમાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રતિબંધ મૂકી દીધો હતો. એ સમયે તેમણે પાકિસ્તાન પર આરોપ મૂકતા કહ્યું હતું કે તેઓ મદદના બદલામાં જુઠ્ઠ અને છેતરપિંડી કરતાં આવ્યા છે.

ટ્રમ્પ મેનેજમેન્ટનું સ્પષ્ટપણે કહેવું છે કે ઈસ્લામાબાદ આતંકીઓને સુરક્ષિત આશરો આપી રહ્યું છે. જો કે અમેરિકા પાકિસ્તાનના પાડોશી દેશ અફઘાનિસ્તાનમાં ૧૭ વર્ષથી લડાઈ લડી રહ્યું છે.

# દિલ્હી-એનસીઆરમાં સતત વરસાદથી ભારે હાલાકી

નવી દિલ્હી, તા. ૨

દિલ્હી, એનસીઆર અને ઉત્તરાખંડના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. ઉત્તરાખંડમાં ઘણી જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. ઉત્તરાખંડમાં હજુ પણ ભારે વરસાદની ચેતવણી આગામી પાંચ દિવસ માટે જારી કરવામાં આવી છે. બુધવારના દિવસે ત્રણ લોકોના મોત પણ થઈ ગયા હતા. હિમાચલના ઘણા ભાગોમાં નિચાણવાળા વિસ્તારોમાંથી લોકોને ખસેડવામાં આવ્યા છે. તહેરી-ગઢવાલ-દહેરાદૂન સરહદ નજીક હાલત કફોડી બનેલી છે. બીજી બાજુ દિલ્હી અને એનસીઆરમાં આજે સતત બીજા દિવસે પણ વરસાદ જારી રહ્યો હતો. અનેક નિચાણવાળા વિસ્તારોમાં આજે પાણી ભરાઈ ગયા હતા. અલબત્ત લોકોને રાહત મળી હતી પરંતુ જળબંબાકારની સ્થિતિથી પરેશાની પણ થઈ હતી. આજે સવારે વરસાદના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ હતી. અલબત્ત આજે રજા હોવાથી વધારે તકલીફ પડી ન હતી. કારણ કે લોકો ઘરમાંથી બહાર નિકળ્યા ન હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શનિવારના દિવસે દિલ્હી અને એનસીઆરમાં ભારે વરસાદ થયો હતો જેથી લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. દિલ્હીના ઉત્તમનગર, ધોળાકુવા અને આરકેપુરમમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી.



એશિયન ગેમ્સની રંગારંગ કાર્યક્રમ વચ્ચે પૂર્ણાહૂતિ થઈ હતી. ઈન્ડોનેશિયાના પાટનગર જાકાર્તામાં આયોજિત ક્લોઝિક સેરેમનીમાં ભારતીય કલાકારો પણ પરફોર્મ કરવા માટે પહોંચ્યા હતા. આ વખતે ભારતે શાનદાર દેખાવ કરીને ઈતિહાસમાં હજુ સુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

### પેટ્રોલમાં ૧૬, ડિઝલમાં ૩૪ પૈસાનો ભાવ વધારો

ન્યુ દિલ્હી,તા.૨

પટ્રોલ -ડીઝલની કિમતોમાં લાગેલી આગ સતત નવમાં દિવસે પણ ભડકે બળી રહી છે. દિલ્હીમાં પટ્રોલની કિમતમાં ૧૬ પૈસાના વધારા સાથે ભાવ ૭૮.૮૪ પ્રતિ લીટરે પહોંચ્યો છે. ડીઝલમાં પણ ૩૪ પૈસાના વધારા સાથે ૭૦.૭૬ પ્રતિ લીટરનો ભાવ થયો છે. ઈંધણમાં થયેલા વધારાની અસર સામાન્ય જનજીવન પર પણ દેખાવા લાગી છે. બીજી તરફ ઈંધણની કિમતોમાં લાગેલી આગે દેશના આર્થિક પાટનગર મુંબઈની પણ કમર તોડી નાખી છે.

# પ્રણવ દા ભાજપ સરકારના કાર્યક્રમમાં

ગુરુગ્રામ, તા. ૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યક્રમમાં સામેલ થયા બાદ પૂર્વ રાષ્ટ્રપતિ પ્રવણ મુખર્જી આજે ભાજપ શાસિત હરિયાણામાં મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર સાથે સરકારના એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા જેના પરિણામ સ્વરુપે કોંગ્રેસ પાર્ટીમાં ફરીથી હતાશાનું મોજુ ફરી વળ્યું હતું. પ્રણવ મુખર્જીની પુત્રી શર્મિષ્ઠા પણ નાખુશ દેખાઈ હતી. પાર્ટીના કેટલાક બીજા નેતાઓ દ્વારા નહીં પહોંચવાની અપીલ કરી હોવા છતાં અગાઉ મુખર્જી સંઘના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તે વખતે પ્રણવ મુખર્જીએ દેશ, રાષ્ટ્રવાદ અને દેશભક્તિ ઉપર વાત કરી હતી.



આજે પૂર્વ રાષ્ટ્રપતિ પોતાના થિંક ટેંક પ્રણવ મુખર્જી ફાઉન્ડેશનના કેટલાક કાર્યક્રમોને લોંચ કરવા માટે પહોંચ્યા હતા. ગુરુગ્રામમાં મુખ્યમંત્રી ખટ્ટર સાથે એક મંચ ઉપર નજરે પડ્યા હતા. બે દિવસ પહેલા અહેવાલ આવ્યા હતા કે, મુખર્જીએ આ ઈવેન્ટ માટે ૧૫ સિનિયર અને જુનિયર લેવલના સંઘ કાર્યકરોને પણ આમંત્રણ આપ્યું છે. સંઘના સભ્યોએ તેમને જમીની સ્તર પર તમામ પ્રકારની મદદ કરવાની ખાતરી આપી છે.

પૂર્વ રાષ્ટ્રપતિની ઓફિસ તરફથી નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, હરિયાણામાં પ્રણવ મુખર્જી ફાઉન્ડેશન સંઘની સાથે મળીને કામ કરી રહી નથી. તેમણે કહ્યું હતું કે, આવી કોઈ યોજના પણ નથી.

ખાસ બાબત એ છે કે, પ્રણવ મુખર્જી ફાઉન્ડેશન સ્માર્ટ ગામ પ્રોજેક્ટ હેઠળ દત્તક લેવામાં આવેલા ગામોમાં કેટલીક સુવિધાઓ ઉપલબ્ધ કરાવે છે. આ હેઠળ ટ્રેનિંગ અને ઈનોવેશન વેરહાઉસેસ લોંચ કરવા અને પાણી માટે એટીએમ સ્થાપિત કરવાના કામ પણ સામેલ છે. હરિયાણામાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ જુલાઈ ૨૦૧૬માં શરૂ કરવામાં આવ્યો હતો. પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિ હોદ્દા પર રહેતી વેળા કેટલાક ગામોને દત્તક લીધા હતા.

### ૧૭-૧૮માં મોરિશિયસનું સૌથી વધારે મૂડીરોકાણ

નવી દિલ્હી, તા. ૫

દેશમાં સૌથી વધારે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ) કરવાના મામલામાં મોરિશિયસ ટોપ ઉપર છે. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં દેશને આશરે ૨૬૫૨ અબજ રૂપિયા એફડીઆઈ તરીકે મળ્યા છે. આ પહેલા નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં આ આંકડો ૨૫૭૮ અબજ રૂપિયાનો હતો. ભારતીય રિઝર્વ બેંકના આંકડા મુજબ પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણ કરનાર દેશોમાં મોરિશિયસ બાદ સિંગાપોર બીજા સ્થાને છે. વર્ષ ૨૦૧૭-૧૮માં મોરિશિયસ પાસેથી આશરે ૯૫૨ અબજ રૂપિયા અને સિંગાપોર પાસેથી ૬૫૮ અબજ રૂપિયાનું વિદેશી રોકાણ મળ્યું છે.

### ગાંધીનગર સમાચાર — અંક બંધ

આજે જન્માષ્ટમી પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૪-૯-૨૦૧૮ ને મંગળવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક














